Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત ૧૯૬૨—ચૈત્ર અંક ૯ મો.

## યોગિજનને વંદન.

સ્રગ્ધરા.

[1]ક્રોધાદિ પર્વતો જે પલકમહીં કરે ચૂર્ણ [2]વિવેકવજ્રે,
સંહારે મોહરૂપી પ્રબળ તરૂ[3] સુખે[4] [5]યોગ વિદ્યાકુઠારે,
ને, બાંધે પ્રૌઢ કામજ્વર વિષમ જે સંયમી સિદ્ધમંત્રે,[6]
એવા મુક્તિ વધુના સુખરસ રસીઆ વન્દીએ યોગીઓને.

તંત્રી.

## સત્સંગતિનું ગીત.

ગીતિ.

સંગતિ સજ્જન કેરી, કહો ઉન્નત કરનારી નહિં કોને;
જ્યાં ત્યાંથી ગંગામાં આવ્યાં[7]—જળપણ [8]વન્દ્યજ હોવાને. ૧

---

૧. ક્રોધ વગેરે ચાર કષાય-તે રૂપી પર્વતોને. ૨ વિવેકરૂપી વજ્રથી ૩ મ્હોટા વૃક્ષને. ૪ સહેલાઇથી. ૫ યોગ વિદ્યારૂપી શસ્ત્રથી. ૬ પ્રૌઢકામ (વિષમ) રૂપી વિષમ જ્વરને સંયમરૂપી મંત્રથી બાંધી લેછે. ૭ આવેલાં. ૮ વંદન કરવાયોગ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હરિગીત.

મેળાપ મ્હોટા જન તણો મ્હોટા બનાવે સર્વને:
ધારે કમળ-જળ-બિન્દુઓ મુકતા ફળોના ગર્વને.[1]
ઉન્નત કરે છે સર્વને સહવાસ સજ્જનનો સદા:
જગખ્યાત શંખ પવિત્ર છે હરિ હસ્તમાં આવ્યો યદા. ૨
ઈન્ધન બને ચન્દન યથા લહી ગંધ મલયાચલ તણો,
દુર્જન બને સજ્જન તથા લહી અંશ સજ્જન મન તણો;
સત્સંગતિ દાતાર છે પદ ઉચ્ચતી એ તુચ્છને:
[2]અમ્બુ તણાં બિન્દુ જુઓ શુકતા[3] વિષે મુક્તા બને. ૩
છે શીતળ ચન્દન જગત્રિષે; વળી અધિક એહથી ચંદ્રમા;
પણ એ ઉભયથી શીતળતા છે અધિક સાધુ સગમાં.
સાધુતણાં દર્શન-ચરિત્ર પવિત્ર અદકાં તીર્થથી;
ફળદાયી થાયે તીર્થ કાળે; સાધુ સંગમ તર્તથી.[4] ૪
થાયે મતિ બહુ હીન જનની, સંગ હીનતણા વડે,
સમસંગ પામી સમ બને, લહી શ્રેષ્ઠપદ શ્રેષ્ઠે અડે;
વિદ્વાન્ સંગે નીપજે નિસ્તેજ પણ તેજો નિધિઃ
મળ છેદનારા ફળ થકી જળ મલિન નિર્મળ છે નકી[5] ૫
સજ્જન તણાં શીરપર ચડે કીટ[6] તે [7]સુમનના સંગથી;
દેવત્વ પામે દશદ્ તે પણ અધિક સંત પ્રયત્નથી; [8]

---

૧ કમળપત્રપર રહેલાં જળનાં બિન્દુએ મોતીના દાણા જેવા દેખાય છે. ૨ જળ. ૩ છીપ. ૪ તરતથી-તરતજ. ૫ એક એવી જાતનું ફળ થાય છે કે જેને મેલા જળમાં નાંખ્યું હોયતો તે થોડા વખતમાં પાણીને સ્વચ્છ બનાવી દેછે. ૬ કીડા-પુષ્પમાં રહેતા જન્તુઓ ૭ પુષ્પ; સુ (સારા) મન (અન્તઃકરણ) વાળો (માણસ). ૮ પત્થરને વિષે દેવપણાનું આરોપણ કરવામાં આવે છે તે પણ મહંત પુરૂષોના પ્રયાસથીજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી કાચ મરકતની દ્યુતિ પામે પ્રતાપે હેમને,
તેમજ મહજ્જન સંગથી મતિમંદ શ્રેષ્ઠ મને બને. ૬
સંસર્ગ સત્પુરૂષો તણો સુખ સકળનું સામ્રાજ્ય છે.
થઈ વિમુખ[1] આગળ ચાલશો તો દુર્જનોનું રાજ્ય છે;
એ દુઃખદ દાવાનળ તણાં રાજ્યે પડયા તો તો પડયા;
[2]વીર્ણ ઉદ્ધર્યા, વીણસુધર્યા, વાહ્યું જશે આયુ વૃથા. ૭
સમજી વિચારી ઉચ્ચ ભાવો, તુચ્છ નાવો [3]છોડીને,
સત્સંગ [4] પ્રવહણથી તરો, આ વિકટ ભવ મન જોડીને;
[5]અસમાન એ નૌકા અહિં, વિમાન [6]અસમાને સહી,
છે દુઃખત્રાતા, સુખવિધાતા, મોક્ષદાતા જગમહીં. ૮

તંત્રી.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( ગયા બીજા અંકના પૃષ્ટ ૩૦ થી શરૂ.

### સંઘમાં બખેડો.

વર્દ્ધમાનપુરનો સંઘ પ્રમાણમાં નાનો હતો અને તેનો અગ્રેસર જોઇએ તેવો પ્રમાણિક નહતો. સંઘરૂપ તીર્થના નાયકો પ્રમાણિક અને શુદ્ધ હૃદયના હોવા જોઇએ. કારણકેસંઘના અગ્રેસરોના વિચાર ઉપર

---

૧ એ સત્પુરૂષોના સમાગમરૂપી સામ્રાજ્ય-થી વિમુખ થઇ- ને ત્યજી દઇ. ૨ નથી તમારો ઉદ્ધાર થવાનો, કે નથી તમે સુધરવાના. ૩ કનિષ્ટ સંગતિરૂપ. ૪ શ્રેષ્ટ વહાણ. ૫ જેના સમાન કોઇ નથી એવું. ૬ અસમાન- આકાશને વિષે જેવી રીતે વિમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘની સુધારણાનો આધાર રહેછે. સંઘપતિઓના કર્ત્તવ્યનું ફલ સમગ્ર સંઘ સંપાદન કરેછે. જ્યાં સંઘના અગ્રેસરો દુરાગ્રહી, મમત્તાથી ભરેલા, અભિમાનમાં અંધ થયેલા, બેદરકાર અને સ્વાર્થી હોય છે, ત્યાં બધા સંઘની અવ્યવસ્થા થઈ જાય છે. અને સંઘની આશ્રિત શ્રાવક પ્રજાને પૂરતો ન્યાય મલતો નથી. ત્યાં 'બળીઆના બે ભાગ ' એવો ન્યાય પ્રવર્ત્તે છે. અને વગવાલાનો વિજય થાય છે. આથી કરીને સંઘની પવિત્ર મર્યાદા રહેતી હતી. જ્યારે સંઘની મર્યાદા તુટી જાયછે ત્યારે આર્હત ધર્મના સદાચારનો લોપ થતો જાય છે, ધર્મના ખાતાઓમાં ગોટાળો થઈ જાય છે. અને પક્ષાપક્ષીને લીધે અનેક જાતના કલહ ઉત્પન્ન થાય છે.

વર્દ્ધમાનપુરના સંઘમાં પ્રબલચંદ્ર નામે એક ધનાઢ્ય શ્રાવક અગ્રેસર હતો. તે શિવાય વિનોદચંદ્ર નામે એક બીજો ગૃહસ્થ પણ સંઘનો નાયક હતો. પ્રબલચંદ્રના કુલમાં પરંપરાથી સંઘની અગ્રેસરતા ચાલી આવતી હતી. તેના વડિલો ઘણા ધનાઢ્ય, ઉદાર, પ્રમાણિક અને ધાર્મિક વૃત્તિના હોવાથી એ સર્વોત્તમ પદવી તેમણે સંપાદન કરી હતી, તે અત્યારસુધી તેજ પ્રમાણે ઉત્તરોત્તર ચાલી આવી હતી. વર્ત્તમાનકાળે પ્રબલચંદ્રના હાથમાં સંઘની લગામ હતી પણ તેના દુરાગ્રહી સ્વભાવ ઈર્ષ્યાલુ પ્રકૃતિ અને બેદરકારીને લીધે વર્દ્ધમાનપુરની શ્રાવક પ્રજા તેના ઉપર નારાજ હતી. કોઈકોઈવાર તો જૈનવર્ગ તેની સત્તામાંથી મુક્ત થવાને ઇચ્છતો હતો; તથાપિ પરંપરાના પ્રવાહનો વિચ્છેદ કરવો અનુચિત ધારી, શાંત થઈ, તે સહન કરતો હતો.

સંઘનો બીજો આગેવાન વિનોદચંદ્ર શેઠ ધાર્મિક વૃત્તિવાલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંઘની સુધારણા કરવામાં ઊત્સુક હતો. તે પરંપરાથી સંઘપતિની પદવીનો અધિકારી ન હતો, પણ કેટલાએક એવા ગુણો અને ધાર્મિક વૃત્તિના પ્રભાવને લઈ શ્રાવક પ્રજાનો તેનીપર વિશ્વાસ થયો હતો. તેના વચન ઉપર સર્વની શ્રદ્ધા રહેતી હતી. વિનોદચંદ્રની સ્થિતિ સાધારણ હતી પણ તેની વ્યવહાર કુશળતાને લીધે તેની વ્યાપાર કલાવૃદ્ધિ પામી હતી. વર્દ્ધમાનપુરમાં દરેક સાર્વજનિક કામમાં તે આગલ પડતો હતો, અને લોકોને સુલેહના પવિત્ર માર્ગ દર્શાવતો હતો. ન્યાયની મુશ્કેલી વખતે ન્યાયનું શુદ્ધ તત્વસંપાદન કરવાને ઘણા લોકો પંચમાં પણ તેનું નામ આપતા હતા.

આ બંને ગૃહસ્થોના સ્કંધ ઉપર વર્દ્ધમાનપુરના સંઘરૂપ શકટની ધુરા રહેલી હતી. એ શકટની ધુરામાં જોડાએલા તે બંને ગૃહસ્થોના મત કોઈ કોઇવાર જુદા પડતા ત્યારે શકટને ચાલવામાં વિડંબના આવી પડતી હતી. કોઈકોઈવાર તો તે શકટને ચાલતા અટકી પડવાનો વખત પણ આવતો હતો.

વર્દ્ધમાનપુરમાં બે દેરાહરો હતા. તે માંહે એક દેરાસર પ્રબલચંદ્રના વડિલે કરાવેલું હતું અને બીજું દેરાસર સંઘ તરફનું હતું. પ્રબલચંદ્ર પોતાના દેરાસરને માટે અતિમતત્વ રાખતો હતો. દરેક મહોત્સવ તથા પર્વને દિવસે તે પોતાના દેરાસરમાંજ પૂજા આંગી કરાવતો, એટલુંજ નહીં પણ દેવ દ્રવ્યની બધી ઉપજ તેમાંજ ઘસડી જતો હતો. કેટલાએક લોકો તેનાથી દબાઇને તે પ્રમાણે કરવામાં અનુમોદના આંપતા હતા. આમ થવાથી સમસ્ત સંઘના દેરાસરને મોટી હાનિ પોહોચવા લાગી. દરવર્ષે તેમાં સમાર કામ કે કાંઇપણ સુધારો થતો નહીં, તેથી એ દેરાસરની સ્થિતિ દિન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિદિન પડતીમાં આવતી ગઇ. પ્રભુની પૂજામાં અને જીર્ણ થયેલા ભાગનો ઉદ્ધાર કરવામાં ઘણીજ બેદરકારીને લીધે એ ચૈત્ય સંભાલ વગર અતિજીર્ણ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયું.

વિનોદચંદ્ર આ બાબત તટસ્થ રહેતો હતો. ઘણીવાર તે પોતાના વિચાર સંઘની સમક્ષ દર્શાવતો પણ પ્રબલચંદ્ર બીજાઓને લઇ તેને મહાત કરી દેતો હતો. કોઈ કોઇવારતો પ્રબલચંદ્ર સંઘના સમાજમાંથી રીસાઇને ઉઠી નીકલતો અને બીજા ભીરૂ લોકો તેને સમજાવી માંડમાંડ પાછો લાવતા હતા. પ્રબલચંદ્રનું કપટ પાંડિત્ય સર્વોપરિ હતું. પોતે એક પ્રતિષ્ઠિત શ્રાવક છે, અને તીર્થરૂપ સંઘનો નાયક છે, એવો વિચાર તેનામાં કદિપણ આવતો નહિં. બાહેર સત્કીર્તિ ફેલાવવાને તે હંમેશા આતુર હતો. અને ઘણીવાર સામાયિક લઇ ઉપાશ્રયે બેસતો. પણ તેના હૃદયમાં જુદીજ તરેહનું સામાયિક હતું. સામાયિક જેવી પવિત્ર ક્રિયામાં પણ તે કુવિચારની માલા ફેરવતો હતો; પોતાની સત્તા સંઘમાં શીરીતે પ્રબલ થાય અને પોતાનું પ્રબલચંદ્ર એ નામ શીરીતે કૃતાર્થ થાય આવા વિચારોમાંજ તેના સામાયકની સાર્થકતા હતી. પ્રભુની પૂજા તે મોટા આડંબરથી કરતો હતો. પોતાની ગૃહસ્થતાનું સ્વરૂપ તેની પૂજા સામગ્રીમાં દેખાતુ પણ તેની મનોવૃત્તિ તે વખતે જુદાજ પ્રકારની હતી. લોકો તેના કૃત્રિમ આડંબરથી અંજાઇ જાય, એજ તેની પૂજાનો હેતુ હતો. તેના હૃદયની ભાવનાથી પૂજાનો ભાવ ઘણો દૂર હતો.

કપટાચાર્ય પ્રબળચંદ્ર કીર્તિને ખાતર દરેક સાધુને માન આપતો, અને ભક્તિનો કૃત્રિમ ભાવ દર્શાવતો તથાપિ વિચક્ષણ મુનિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ તેના ભાવને જાણી જતા હતા. તેના હૃદયની ભાવના કોઇપણ સાધુ ઉપર આસ્થા પૂર્વક સ્થાપિત થઇ નહતી પણ જે મુનિ કે યતિ તેના વિચારને અનુસરે અને તેની પ્રશંશામાં સારો ભાગ લે તેવા મુનિ કે યતિને તે ઘણો આદર આપતો હતો, અને તેને પોતાના ગુરૂ માની સારો રાગ દર્શાવતો હતો.

આ વખતે અનુકુલવિજય નામે એક વિદ્વાન્ મુનિ સૌરાષ્ટ્ર અને ગુજરાતના કેટલાએક ભાગમાં વિચારતા હતા એમણે વર્દ્ધમાન પુરમાં ઘણાં ચોમાસાં કર્યા હતા. તેઓ સ્વભાવે શાંત અને નમ્ર પ્રકૃતિના હતા. કોઇને ખરેખરો ઉપદેશ આપી તેના કુસ્વભાવને દૂર કરવાની તેમનામાં શક્તિ નહતી. તે હંમેશાં સૌકોઇને મૃદુવચનો કહેતા અને સર્વની પ્રશંસા કરતા હતા. 'રખેને કોઈને ખોટું લાગે' આવા ભયથી તે સર્વની અનુકૂલતા સાચવતા હતા કોઈ કાર્યમાં પાપ કે દોષની વાત હોય તોપણ તે મુનિ જણાવી શકતા ન હતા. કોઇવારતો તે બીજાનું દાક્ષિણ્ય સાચવવાને તેવા કાર્યની અનુમોદના પણ કરતાહતા આથી કરીને તેમનું **અનુકુલવિજય** એ નામ બરાબર કૃતાર્થ થતું હતું.

વર્દ્ધમાનપુરનો સંઘપતિ પ્રબલચંદ્ર તે અનુકુલવિજયનો ખરેખરો રાગી હતો. જયારે તે મુનિ વર્દ્ધમાનપુરમાં આવે ત્યારે તે તેમનું બહુમાન કરતો હતો. દરેક ઉત્સવ કે સારા પર્વના દિવસોમાં તે ગમે ત્યાંથી પણ અનુકુલવિજયને બોલાવી લાવતો અને તેમાં પોતાની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરી વાહવાહ કહેરાવતો હતો.

મહા મુનિ ચિંતામણિ જયારે વર્દ્ધમાનપુરમાં આવ્યા ત્યારે એ સંઘનાયકે તેમને પોતાને અનુકુલ કરવા અનેક માર્ગો શોધ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ શુદ્ધ ચારિત્રના ધારણ કરનાર એ મુનિ તેના એકપણ અયોગ્ય વચનને સ્થાન આપતા ન હતા. એમની દિવ્ય દ્રષ્ટિમાં જરાપણ પક્ષપાત ન હતો. એમને મનતો ધનવાન્ અને નિર્ધન, રાજા અને રંક સો સમાન હતા. કોઈપણ ધર્મ કાર્ય થતું હોય તેમાં વિરોધ ન આવી જાય એટલા માટે તો તે બહુ સાવધાન રહેતા હતા. દરેક વ્યક્તિને તે યથાર્થ ધર્મનોજ બોધ કરતા હતા. તેમની મનોવૃત્તિમાં કોઇ જાતની અપેક્ષા ન હતી; તેઓ પોતાના આત્મામાં સર્વ રીતે પરિપૂર્ણ હતા; આત્મગુણના અપેક્ષક અને દોષના ઉપેક્ષક હતા; સર્વદા પરોપકારની બુદ્ધિથી બીજાઓને ઉન્માર્ગે જતાં અટકાવતા અને સન્માર્ગનો ઉપદેશ આપતા હતા.

આવાં આવાં કારણોથી પ્રબલચંદ્રનો વૈભવવિજય ઉપર ઓછો રાગ હતો. તે મુનિ વૈભવવિજયના વ્યાખ્યાનો તો સાંભલવા આવતો, પણ જ્યારે તેમના વ્યાખ્યાનમાં ધર્મના અધિકારી કેવા જોઇએ, એ વિષય ઉપર વિવેચન ચાલતું ત્યારે તે સાંભળીને મનમાં ક્ષોભ પામતો હતો. મૂર્ખ મનુષ્યો પોતાના અવગુણો જાણતા હોય, પોતે ધર્મવિરૂદ્ધ કે શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવર્ત્તન કરે છે એવું સમજતા હોય તથાપિ તેઓ પોતાનો દુરાગ્રહ છોડતા નથી; તેવા અધમ પુરૂષો જાગ્રત્ અવસ્થામાં શય્યા વિષે મૂત્રોત્સર્ગ કરે છે; અને છેવટે આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે. પ્રબલચંદ્રના મનમાં હંમેશાં મુનિ વૈભવવિજયને માટે કંઇ ઓછું માન હતું તેથી "કોઈપણ પ્રકારે મુનિ વૈભવવિજય વર્દ્ધમાનપુરનો ત્યાગ કરે તો સારૂં" એવું તે હંમેશાં વિચારતો હતો; અને તેવી યુક્તિઓ રચવાને કુવિચારની માલા રચતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌમ્ય પ્રકૃતિવાળો શેઠ વિનોદચંદ્ર મુનિ વૈભવવિજયનો પૂર્ણ રાગી થયો હતો. તે હંમેશાં વ્યાખ્યાનમાં આવતો અને વર્દ્ધમાન-પુરના સંઘની સુધારણા આવા મુનિથી થઈ શકશે એવું ધારતો હતો. તેના અંતઃકરણમાં હમેશાં સારા વિચારો આવતા હતા. તે સર્વદા સંઘની આબાદી, ધર્મનો ઉદ્યોત, દેરાસરની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા, સાધર્મિ બંધુઓની સારી સ્થિતિ, દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની વૃદ્ધિ—કયારે અને કેવી રીતે થાય એનો રાત્રી દિવસ વિચાર કર્યા કરતો. કોઈ કોઇવારતો પોતાના એ વિચાર અમલમાં મુકવા માટે પ્રયત્ન પણ કરતો હતો પણ પ્રબલચંદ્રની મરજીવિરૂદ્ધ એક પણ પગલું ભરવાની ઈચ્છા કે મનોબળ તેનામાં ન હતા. ઘણા શ્રાવકો વિનોદચંદ્રના વિચારને અનુમોદના આપતા પણ આગ્રહી પ્રબલચંદ્ર એમને હરકોઈ યુક્તિથી ફેરવી દેતો હતો. કોઈ કોઇવાર પ્રબલચંદ્ર સંઘમાં મોટી ગર્જનાથી એવી દરખાસ્તો મુકતો કે જેમાં સર્વે મુંઝાઈ જતા; છતાં છેવટે એનાજ વિચારને અનુસરતા હતા. આથી કરીને વર્દ્ધમાનપુરના સંઘની સત્તા પ્રબલચંદ્રના હાથમાં આવી હતી.

એક વખતે મુનિ વૈભવવિજય દેરાસરમાં દર્શન કરવાને આવી ચડયા. તે વખતે વિનોદચંદ્ર પણ ત્યાં પ્રભુની પૂજા કરવા આવેલ તેથી બંનેનો ત્યાં યોગ થઇ ગયો. મુનિ વૈભવવિજય દેરાસરની જીર્ણ સ્થિતિ જોઇ મનમાં ક્ષોભ પામી ગયા. પ્રભુની પ્રતિમાનો દેખાવ, ગર્ભમંડપની સ્થિતિ અને આસપાસનો ભાગ જોઇ એમનું મન કચવાયું. તેઓ પ્રભુના દર્શન કરી બાહેર નીકળ્યા ત્યાં શેઠ વિનોદચંદ્રને દીઠા. તેને જોતાં મુનિવરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવીને કહ્યું, શેઠ, આ દેરાસરની આવી સ્થિતિ કેમછે? તમારા જેવા અગ્રેસર છતાં ચૈત્યની સ્થિતિ આવી રહે, તે કેવી વાત? આ જોઇ મને અપાર અફસોસ થાય છે. જ્યાં ચૈત્યની સુધારણા ન હોય, દેવદ્રવ્ય ગુરૂદ્રવ્ય આદિનો વિચ્છેદ થતો હોય, તેવા ક્ષેત્રની સાધુએ ઉપદેશ આપી સુધારણા કરવી જોઇએ— માટેજ મા તમને આટલું કહેવું પડેછે.

વિનોદચંદ્રે અંજલિ જોડી કહ્યું, મહારાજ આપ કહોછો તે યથાર્થ છે. આ વિષે ખરેખરી હકીકત કહેવાથી સંઘમાં વિક્ષેપ થાય તેવું છે. અને જો સંઘમાં વિક્ષેપ થાય તો પછી અનેક જાતની હાનિ થવા સંભવ છે. આથી કરીને મને ભય લાગે છે, માટે તે હું આપને યથાર્થ કહી શકતો નથી. મુનિએ ફરીવાર આગ્રહથી જણાવ્યું, શેઠજી, આ શું બોલો છો? ધર્મ સંબંધી કાર્યમાં ભય રાખવો અયોગ્ય છે. જ્યારે તમે સંઘના અગ્રેસર થઇ તેની દાક્ષિણ્યતા રાખો તો પછી સંઘની અને તેથી કરીને ધર્મની મર્યાદા રહેશે નહીં. જ્યારે મર્યાદા તુટી જાય અને તેથી દોષ ઉભા થાય, ત્યારે તેનું પાપ સંઘના આગેવાનને શિર આવેછે; માટે જે યથાર્થ હોય તે કહેવું જોઈએ તેમાં જરા પણ દાક્ષિણ્યતા રાખવી નહીં.

મુનિ વૈભવવિજયના આવા વચન સાંભળી વિનોદચંદ્રે પ્રબળચંદ્ર સંબંધી બધી વાર્તા જણાવી અને તેના વડિલના દેરાસરની મમતા અને તેનો દુરાગ્રહ વિગેરે સર્વ વૃત્તાંત મુનિરાજની આગળ ખુલ્લા દિલથી પ્રગટ કર્યો.

વિનોદચંદ્રના મુખથી પ્રબલચંદ્રની હકીકત જાણી મહામુનિ વિચારમાં પડ્યા. "અહા! જગતમાં કેવા માણસો થાય છે. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોથીજ ધર્મની અવનતિ થઈ છે. આવા બેદરકાર સ્વાર્થી અગ્રેસરરોથી ધર્મને મોટી હાનિ પોહોંચે છે. જેમની વૃત્તિ ઉંચી નથી એવાઓ સંઘના નાયક કહેવાય કઇરીતે? શીવાત ! તેવા નાયકના આશ્રય નીચે રહેલા સંઘની શી દશા થાય ? અહા ! કર્મની વિચિત્રતા કેવી છે? શ્રાવક શબ્દનો શો અર્થ છે ? શ્રાવકનો શો ધર્મ છે? કેવો પુરૂષ શ્રાવક કહેવાય ? અને શ્રાવકપણું સંપાદન કરવામાં કેવા કેવા ગુણ જોઈએ?આવિષે જરાપણ વિચાર ન કરનાર નામધારી થઈપડેલા શ્રાવકોને માટે શું કહેવું? આ વર્ધમાનપુરનો સંઘ પ્રમાણમાં નાનો છે. એમાં વળી તેનો અગ્રેસર માની અને બેદરકાર હોય તો શ્રાવક પ્રજાની શી હાલત ? આજ પ્રમાણે મોટા શેહેરોમાં પણ જો સંઘના નાયકો આવા હોય તો પછી શ્રાવક વર્ગની બહુજ ખરાબી થાય ? માટે આ વિષે કાંઇ પણ ઉપદેશ આપી બનતો પ્રયત્ન કરી આ ક્ષેત્રની સુધારણા કરવી જોઈએ. ”

આવો વિચાર કરી મુનિ વૈભવવિજય ત્યાંથી પોતાને ઉપાશ્રયે આવ્યા અને શેઠ વિનોદચંદ્ર તેમની રજા લઇ પોતાને સ્થાને ચાલ્યો ગયો. મુનિચિંતામણિએ તેજ દીવસે વર્ધમાનપુરના સંઘની સુધારણા કરવાનો નિશ્ચય કર્યો અને બીજેદીવસે “સંઘ અને સંઘના અગ્રેસરોનો ધર્મ ” એ વિષે મોટું વ્યાખ્યાન આપવાનું ઠરાવ્યું. જો ઉપદેશથી પણ પ્રબલચંદ્ર ન સમજે તો પછી તેને પ્રત્યક્ષ રીતે સમજાવવાનો પણ ચોક્કસ નિર્ણય કર્યો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્યનો પ્રભાવ.

## નર્મદા સુંદરી.

( પાંચમા અંકના પૃષ્ટ ૧૧૫થી શરૂ. )

### પ્રકરણ ૧૨ મું.

### કાર્યસિદ્ધિ.

મહેશ્વરદત્તની વર્તણુક જોઇ તેના માતામહ રૂષભસેનને સંતોષ થતો હતો. પોતાના ભાણેજને મિથ્યાત્વની મલિનતામાંથી મુક્ત થતો જોઈ તે મનમાં અતિ આનંદ પામતો હતો. તે સાથે સત્સંગના મહિમાની પ્રશંસા કરી તેનાથી માનવજીવનની કૃતાર્થતા માનતો હતો.

એક વખતે પ્રાતઃકાલનો સમય હતો. સહદેવના કુટુંબમાં ધાર્મિકતા વિશેષ હોવાથી સર્વ કોઈ જુદી જુદી ધર્મક્રિયામાં પ્રવૃત થયું હતું. કોઇ પ્રતિક્રમણમાં. કોઇ સામાયિકમાં, કોઇ દેવ પૂજામાં, કોઈ સ્વાધ્યાયમાં અને કોઈ ધ્યાનમાં લીન થઇ આત્મ સાધનની ક્રિયા આચરતું હતું. આ વખતે શેઠ રૂષભસેન પ્રાતઃકાલની આવશ્યક ક્રિયા કરી અતિથિગૃહમાં આવીચડ્યા, ત્યાં પોતાના ભાણેજ રૂષભસેનને આર્હત ધ્યાનમાં લીન થયેલો જોયો. પ્રભુના શુદ્ધ સ્વરૂપના ચિંતવનમાં તે પૂર્ણ સમાધિસ્થ થયો હતો. તેને આવા ઉચ્ચ ભાવને પામેલો જોઇ શેઠ રૂષભસેન ઘણા પ્રસન્ન થયા. પોતાના ભાણેજની ધાર્મિક વૃત્તિનો પ્રત્યક્ષ દાખલો જોઈ તેના શરીરમાં રોમોદ્દગમ થઇ આવ્યો. ક્ષણવારે મહેશ્વરદત્ત ધ્યાનમાંથી જાગ્રત થયો. તેની દૃષ્ટિ પોતાના માતામહની ઉપર પડી. તત્કાળ તે સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદાશ્ચર્ય થઇ ગયો. તેણે અંજલિ જોડી પોતાના માતામહને વંદના કરી. ભાણેજનો આવો વિનય જોઈ રૂષભસેન શેઠના હૃદયમાં પ્રેમનો ઉલ્લાસ પ્રગટ થઇ આવ્યો. તરતજ તેમણે મહેશ્વરદત્તને પ્રેમથી આલિંગન કર્યું અને તેને ઉમંગથી ઉત્સંગમાં બેસાર્યો. હૃદયનું નિર્દોષ વાત્સલ્ય પ્રગટ કરતાં રૂષભસેન શેઠ બોલ્યા—વત્સ તારી વૃત્તિ જોઇ મને ઘણો આનંદ થાયછે. હવે મારૂંજીવન કૃતાર્થથયેલું હું સમજુંછું જ્યારથી પુત્રી ઋષિદત્તા મિથ્યાત્વથી દૂષિત થયેલી હતી, ત્યારથી મારા હૃદયમાં શોકાગ્નિ પ્રજ્વલિત હતો, તે અગ્નિ તારી ધાર્મિક વૃત્તિએ બુઝાવી દીધો છે. તારામાં સંક્રાંત થયેલા શ્રાવકના સંસ્કારરૂપ ચદ્રોદયને જોઇ મારૂં ચિત્ત ચકોરપક્ષીની ચેષ્ટા કરે છે. આજ દિન સુધી મેં અનુમાન અને વર્તન ઉપરથી તારામાં શ્રાવકના આચારો જોયા હતા પણ આજે તારી ઉંચામાં ઉંચી ધાર્મિકવૃત્તિ જોઇ મારો આનંદ સાગર અતિશય ઉછળે છે. વાહાલા ભાણેજ, શ્રીજિનેશ્વર ભગવંત કે જે આ ભારતવર્ષ પર ખરેખરા દેવાધિદેવ અને વીતરાગ ભગવાન્ કહેવાય છે, તેની સાથે તારી મનોવૃત્તિ તલ્લીન થયેલી જોઇ તેમજ એ જગત્પતિના શુભ ધ્યાનના પ્રવાહમાં તારા આત્માને તરતો અવલોકી મને તારેમાટે ઉંચામાં ઉંચો અભિપ્રાય ઉત્પન્ન થયો છે. વત્સ, તું હવે ખરેખરો માર્ગાનુસારી થયો છું. પૂર્વે મલિન થયેલા તારા જીવનને સમ્યકત્વ રૂપ જલના પ્રક્ષાલનથી તેં સર્વ પ્રકારે શુદ્ધ કર્યું છે. મહાભાગ, તું હવે ભાગ્યના શિખર ઉપર આરૂઢ થયો છું. તારૂં સુકૃતરૂપ કલ્પવૃક્ષ હવે ફલોન્મુખ થવાને તૈયાર થયું છે.

આ પ્રમાણે મહેશ્વરદત્તની પ્રશંસા કરી ઋષભસેન શેઠે આનંદના ઉભરાથી જણાવ્યું કે, વત્સ, તારી ધાર્મિકતા જોઇ હું ઘણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્ન થયો છું, માટે જે તારી ઇચ્છા હોય તે માગી લે. જે પદાર્થ મારાથી આપી શકાય તેવો હશે, તે હું તને ખુશીથી આપીશ.

માતામહના આવા વચન સાંભળી મહેશ્વરદત્તના હર્ષનો પાર રહ્યો નહીં. તેણે વિચાર્યું " આ ખરેખરો અવસર આવ્યો છે. તો હવે તેને ચુકવો જોઇતો નથી. માટે હું આ સ્થલે આજ દિન સુધી જે અભિલાષા ધારણ કરીને રહ્યો છું, તે આજે હવે પુરી કરવી જોઈએ. " આવું વિચારી મહેશ્વરદત્તે સ્મિત વદને જણાવ્યું, પૂજ્ય માતામહ, જો આપ મારી ઉપર પ્રસન્ન થયા હો અને જો આપને મારી ઈચ્છા પૂર્ણ કરવી હોય તો, આપની પૌત્રી નર્મદાસુંદરીને મારી સાથે પરણાવો. માતુલ કન્યા ભાણેજને ગ્રાહ્ય છે અને તે રીવાજ આપણા વર્ગમાં પ્રવર્તમાન પણ છે.

મહેશ્વરદત્તનું આ વચન સાંભળી ઋષભસેન પ્રથમ તો જરા વિચારમાં પડયા પણ ક્ષણવાર પછી બોલ્યા. " વત્સ, તેં મારી પૌત્રી નર્મદા સુંદરીની ઈચ્છા કરી તે યોગ્ય છે, માતુલ પુત્રી ભાણેજને ભોગ્ય છે, તેમજ આપણામાં એ લોકાચાર પ્રવર્તે પણ છે, તથાપિ વર્તમાનના તારા જેવા આચાર વિચાર છે તેવાને તેવાજ તારે સર્વદા નિભાવવા જોઇશે. તારી મનોવૃત્તિમાં તો શ્રાવક સંસ્કાર લગ્ન થયા છે, પણ તારી માતા ઋષિદત્તા હજું મિથ્યાત્વથી દૂર થઇ નથી. તારૂં પરંપરાનું કુલ મિથ્યાત્વી છે અને તારા પિતાના વિચારો મિથ્યાત્વના છલથી બીજાને છેતરે તેવા છે; તેથી નર્મદાસુંદરી જેવી પરમ શ્રાવિકા તને આપતાં મનમાં જરા શંકા રહે છે. પ્રિય ભાણેજ, તારી વૃત્તિ જોઈ મને ઘણો સંતોષ થાય છે પણ તારા મિથ્યાત્વી કુલનો મોટો ભય લાગે છે. શ્રાવક કુલની સુશિક્ષિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવિકાને મિથ્યાત્વના ગાઢ અંધકારથી મલિન એવા કુલમાં અર્પણ કરવી એ મને ઉચિત જણાતું નથી. વત્સ, કુસંગ એ ખરેખર વિષમ એવું વિષ વૃક્ષ છે, બીજા વૃક્ષ તો તેના ફલ ચાખનારનેજ હાનિ કરે છે પણ આ મિથ્યાત્વ રૂપ વિષવૃક્ષ તો તેની છાયા માત્રના આશ્રિતોનું પણ અશ્રેય કરે છે. તારી માતા રૂષિદત્તા એક ઉંચા કુલની શ્રાવિકા હતી, અને તેની પ્રવૃત્તિ પણ એક સર્વોત્તમ શ્રાવિકાના જેવી હતી પણ મહામિથ્યાત્વી એવા તારા પિતા રૂદ્રદત્તના સંસર્ગથી તે અત્યારે ભ્રષ્ટ થઈ ગઇ છે; માટે મિથ્યાત્વીનો સંસર્ગ ઉગ્રવિષવાલા સર્પની જેમ દૂરથીજ ત્યાગ કરવા યોગ્ય છે. તેથી તને નર્મદા સુંદરી આપવાનો મારા હૃદયમાં ઊમંગ આવતો નથી.

રૂષભસેનના આવા વચન સાંભલી મહેશ્વરદત્ત બોલ્યો—મામા, આશું બોલોછો ? આપે મારી વૃત્તિ નીહાળી છે. તે છતાં આવી શંકા શામાટે કરોછો ? મને શ્રાવક ધર્મ ઉપર પૂર્ણ આસ્થા થઇ છે. યાવજ્જીવિન આ પવિત્ર ધર્મને હું છોડવાનો નથી. ભારતવર્ષની બધી ધર્મ ભાવનાઓમાં મેં જૈનધર્મને સર્વોત્તમ માન્યો છે. મારી એ ધર્મનીઉપર દૃઢ શ્રદ્ધા છે. કદિ મેરૂ ગિરિ ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમમાં ઉગે પણ હું મારા નિશ્ચયને કદિ પણ ફેરવવાનો નથી. પ્રથમ મારી જે ઇચ્છા નર્મદા સુંદરીને પરણવાની હતી, તે મોહથી હતી—તેનાં સૌંદર્યે મને આકર્ષ્યો હતો. પરંતુ હવે તે ઇચ્છા મોહથી નથી પણ ધર્મના ગુણને લઈને છે. એ કુલીન અને ધાર્મિક શ્રાવિકા જો મારા ઘરમાં આવે તો મારા ઘરનું ગાઢ મિથ્યાત્વ દૂર થઇ જાય અને તેનાથી મારૂં કુટુંબ શ્રાવક કુલની પવિત્રતા અને સદાચારપણું સંપાદન કરે. આવી ઈચ્છાથી મેં આ અભિલાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારણ કરેલી છે; તેથી માતામહ, હવે મનમાં જરાપણ શંકા લાવશો નહિં.

મહેશ્વરદત્તના વચન સાંભલી રૂષભસેન શેઠને વિશ્વાસ આવ્યો. વલી પોતે વચન આપેલ તેને કૃતાર્થ કરવાની પણ ઇચ્છા થઇ. તેણે વિચાર્યું કે, મહેશ્વરદત્ત હવે શુદ્ધશ્રાવક થયોછે.તેના વિચાર ધર્મમાં દઢતાને દર્શાવનારા છે, માટે હવે તેને નર્મદાસુંદરી આપવામાં કાંઇપણ વિરોધ નથી પછી શેઠે તેને કહ્યું, વંત્સ, તારા વચન ઉપર વિશ્વાસ રાખી હું તને નર્મદાસુંદરી આપુંછું—એ શ્રાવક કન્યાને તારા હાથમાં સોંપુંછું. આ પ્રમાણે વાગ્દાન કરી શેઠ જ્યાં સહદેવ વગેરે હતા ત્યાં આવ્યા. સહદેવને તેમણે આ વાર્ત્તા જણાવી. પિતૃભક્તિવાલો સહદેવ તે સાંભલી ખુશી થયો. પછી તેણે પણ એ વાત પોતાની સ્ત્રીને કહી. આ સમજુ પ્રેમદા એ સાંભળી હૃદયમાં જરા કચવાણી પણ પોતાના પૂજ્ય સાસરાનાં વચનને માન્ય રાખવાની ખાતર તેણીએ તે વાતને અનુમોદન આપ્યું.

શુભ દિવસે વિવાહ લગ્નનો નિશ્ચય કરવામાં આવ્યો. આ વાર્ત્તાની ખબર પડતાં આખી નર્મદાપુરીમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો. સહદેવના આંગણામાં સુશોભિત લગ્ન મંડપ નાખવામાં આવ્યો. વિવિધ વર્ણની ધ્વજાઓ અને મંગલ તોરણો બાંધવામાં આવ્યા. વાજિંત્રોના નાદથી સહદેવનું સદન ગાજી રહ્યું. લગ્નને દિવસે જિનાલયોમાં આંગી તથા પૂજા મોટા ઠાઠમાઠથી ભણાવવામાં આવી. લોકો અક્ષતપાત્ર તથા માંગલ્ય ભેટ લઈ સહદેવને ઘેર આવવા લાગ્યા. શ્રાવિકાઓ ધવલ મંગલ ગાતી ગાતી ઉત્તમ શૃંગાર ધારણ કરતી ફરવા લાગી. લગ્ન વખતે ગૃહસ્થ ગુરૂ આવી જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદના મંત્રો ભણવા લાગ્યા. એ મંત્રોના ઉચ્ચાર સાથે વર કન્યા ઉપર આશીષની વૃષ્ટિ થવા લાગી. સહદેવે મોટી લગ્નની ભેટ સાથે નર્મદાસુંદરીનો હાથ મહેશ્વરદત્તના હાથમાં આપ્યો. અગ્નિમાં હોમ અને પ્રદક્ષિણા કરી લગ્નની ક્રિયા સમાપ્ત કરવામાં આવી. મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરીને તારા મૈત્રક થયું-તેઓએ પરસ્પર લગ્નના પ્રેમની પવિત્ર ગ્રંથિ બાંધી દીધી.

નર્મદાસુંદરી મહેશ્વરદત્તની ધાર્મિકવૃત્તિને જોઇ અતિ પ્રસન્ન થતી હતી. પોતે એક સદાચારવાલા અને ધર્મના રાગી શ્રાવકની પત્ની થઇ, તેને માટે પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી, કારણ કે, શ્રાવિકાના જીવનની સાર્થકતા ધાર્મિક એવા શુદ્ધ શ્રાવકના સંયોગથી થાય છે. સદ્ગુણી શ્રાવિકાઓના ગૃહવાસ, સાંસારિક આનંદ અને સાધર્મી વાત્સલ્ય, એ સર્વ યોગ્ય પતિને મેળવવાથી સંપૂર્ણતાને પામી શકે છે. નર્મદાસુંદરી તેવી સંપૂર્ણતા મેળવવાની પૂર્ણ ઇચ્છા રાખતી હતી.

હવે, જેની કાર્યસિદ્ધિ પૂર્ણ થઇ છે એવો મહેશ્વરદત્ત નર્મદાચિની નર્મદાસુંદરીને પરણી જીવનના સાફલ્યની પરિપૂર્ણતા માનવા લાગ્યો. તે પોતાની ધર્મપત્ની સાથે મોસાળમાં રહીને ગૃહસ્થાવાસનું સુખ મેળવતો હતો. સહદેવના વિશાળ કુટુંબની સાથે રહી આ અભિનવ દંપતિ ગૃહસ્થ ધર્મમાં વર્ત્તતા હતા. નર્મદાસુંદરી પરમ સતીવ્રત પાળતી મર્યાદામાં રહીને પતિ સેવા કરતી હતી. મહેશ્વરદત્ત પણ નર્મદાસુંદરીના પવિત્ર પ્રેમને લઈ તેની સર્વ પ્રકારની અનુકૂળતા સાચવતો હતો. આમ આ નવીન દંપતી પ્રસંગે પ્રસંગે ધર્મનાં પ્રશ્નોત્તર અને પરસ્પર શંકા સમાધાન કરવા સાથે સુખે કાલ નિર્ગમન કરવા લાગ્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૧૩ મું.

# ઋષિદત્તાનું સ્વપ્ન.

રાત્રિ ચોથા પોહોરમાં પ્રવેશ કરતી હતી. બ્રાહ્મ મુહૂર્ત્તનો આરંભ થવાનો સમય હતો. નિદ્રામાં લીન થયેલું જગત્ હળવે હળવે જાગ્રત ધર્મ પામવાની તૈયારી કરતું હતું. પૂર્ણ ધાર્મિક, ઉદ્યોગી અને અભ્યાસી લોકો નિદ્રાના મોહમાંથી મુક્ત થઇ આત્મકાર્યમાં તત્પર થતા હતા. ઉપાશ્રયોમાં જાગ્રત થયેલા મુનિઓ બીજાઓની નિદ્રાના ભંગથી ભય પામી મંદ મંદ સ્વરે સ્વાધ્યાય અને આવશ્યક ક્રિયામાં લીન થતા હતા. આસમયે ચંદ્રપુરનગરમાં રૂદ્રદત્ત અને તેની પ્રિયા રૂષિદત્તા પોતાના વાસ ગૃહની ઉર્ધ્વભૂમીકા ઉપર ગાઢ નિદ્રામાં સુતા હતા. મિથ્યાત્વના પ્રભાવથીજ તેઓ હજુ પ્રમાદને વશ થઇ સુઇ રહ્યા હતા. તે સમયની પવિત્ર ક્રિયા કરવામાં તેઓ તદન અજ્ઞ હોવાથી પશ્ચિમ રાત્રિની નિદ્રા હજુ તેમના નેત્રના પ્રાંતપર જામેલી હતી. આર્હત ધર્મથી ભ્રષ્ટ થયેલી રૂષિદત્તાને તે વિષેનો પશ્ચાત્તાપ થતો પણ તે પોતાના પતિના મિથ્યાત્વના બલથી પરાભવ પામી જતી હતી. આ સમયે ગાઢ નિદ્રાએ ગ્રસ્ત કરેલી રૂષિદત્તાને એક સ્વપ્ન આવ્યું. "જાણે પોતાનું સર્વ શરીર કૃષ્ણ વર્ણ થઈ ગયેલું છે, તેને કોઇ સુંદર સ્ત્રી ધુવે છે, અને તેથી તે કૃષ્ણવર્ણનો પાછો ગૌરવર્ણ થતો આવે છે."

આવું સ્વપ્ન આવતાં ઋષિદત્તા તત્કાળ જાગ્રત થઇ ગઈ. વાસગૃહની આસપાસ સંભ્રમથી જોયું, ત્યાં કોઇ જોવામાં આવ્યું નહિ, એટલે એણે એ સ્વપ્ન શિવાય બીજું કંઈ નથી એવા નિશ્ચય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર આવી પોતાના પતિ રૂદ્રદત્તને જગાડયો. મલિન હૃદયવાલા રૂદ્રદત્તે રૂષિદત્તાને પુછ્યું, પ્રિયા, મને કેમ જગાડયો? તારા મુખ ઉપર ચિંતાની છાયા કેમ દેખાયછે? શું કોઇએ તારો પરાભવ તો નથી કર્યો? અથવા રાત્રે કાંઇ અનિષ્ટ સૂચક સ્વપ્ન તો નથી આવ્યું? રૂષિદત્તાએ મંદ સ્વરે કહ્યું, સ્વામી, આજે મને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું છે; જાણે મારા કાળા થઇ ગયેલા શરીરને કોઇ સુંદર સ્ત્રીએ ધોઈ નાખ્યું અને હું ગૌરવર્ણથી દેદીપ્યમાન થઈ ગઇ. પ્રિય, આશું હશે? આ સ્વપ્નથી કાંઈ અનિષ્ઠતો નહિં થાય? મારા શરીર ઉપર મલિન ભાવ શામાટે થયો? અને તેને શામાટે ધોવામાં આવ્યો? એ કાંઇ સમજાતું નથી. રૂષિદત્તાના વચન સાંભળી રૂદ્રદત્ત બોલ્યો—કાંતા, શામાટે ચિંતા કરો છો? સ્વપ્નના ફલ સંદેહવાલા હોય છે. સ્વપ્નની સૃષ્ટિ કાંઈ બધી સત્યજ હોતી નથી. માટે વૃથા ચિંતા શામાટે કરવી? રૂષિદત્તાએ પુનઃ જણાવ્યું, સ્વામી સ્વપ્નને માટે મને પૂર્વથીજ શ્રદ્ધાછે. મારા પિતૃગૃહમાં જૈનધર્મના પ્રસાદથી મેં એ વિષે ઘણીવાર સાંભળ્યું છે. માટે આ સ્વપ્નનું શુભાશુભ ફલ જાણવાને કોઈ નિમિત્તિયાને બોલાવો. જયાંસુધી તેનો ખુલાસો થશે નહિં ત્યાંસુધી મારી ચિંતારૂપ અગ્નિજ્વાલા નિર્વાણ થવાની નથી. મને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ થયા કરે છે. સ્વામીનાથ, આપણા પુત્ર મહેશ્વરદત્તના કાંઈપણ સમાચાર આવ્યા નથી. તે મોસાળમાં કેવી સ્થિતિમાં હશે? તે પણ જાણવામાં નથી. મારા પિતા રૂષભસેન મારી ઉપર નારાજ હોવાથી વખતે એમણે તેનું અપમાન કર્યું હોય તો તેના રોષથી મહેશ્વરદત્તે કાંઇ વિપરીત તો નહિ કર્યું હોય? આ પ્રમાણે રૂષિદત્તા ચિંતા કરતી હતી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવામાં રૂદ્રદત્તની પ્રેરણાથી ગયેલો કોઇ માણસ નિમિત્તિયાને લઇને ત્યાં આવ્યો. અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રને જાણનારા તે દૈવજ્ઞની આગળ રૂષિદત્તાએ પોતાના સ્વપ્નનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ચતુર નિમિત્તિયો તે જાણી તેનું શાસ્ત્રાનુસારે મનન કરી બોલ્યો—શેઠ રૂદ્રદત્ત, તમારા પત્નીને આવેલ આ સ્વપ્ન ઘણાં શુભ ફલને આપનારૂં છે. અલ્પ સમયમાં તમારા કુટુંબમાં મોટો લાભ થશે. શેઠાણી રૂષિદત્તા એક બીજી પવિત્ર ધાર્મિક જીંદગીમાં આવશે. તેના પ્રસંગથી તમે પણ બધા તે ધાર્મિક જિંદગીનો લાભ મેલવશો. જે સુંદર સ્ત્રીએ રૂષિદત્તાના કૃષ્ણ વર્ણને ધોઇ ગૌરવર્ણ કર્યો છે, તે સુંદરી તમારી પુત્ર વધૂ છે અને તે શુદ્ધ શ્રાવક કુલની બાલિકા હોવાથી તમારા મિથ્યાત્વ રૂપ કાલા રંગને ધોઇ નાંખી સમ્યકત્વરૂપ ગૌરવર્ણને સંપાદન કરાવશે. હવે અલ્પ સમયમાં તમારૂં કુટુંબ આર્હત ધર્મનું ઉપાસક થશે.'' આવા નિમિત્તજ્ઞના વચન સાંભળી રૂષિદત્તા ઘણો આનંદ પામી. પોતાને ઘણો વખત થયાં જૈનધર્મના ત્યાગનો પશ્ચાત્તાપ થતો હતો, તેથી આ ખબર તેને વિશેષ પ્રીતિકારક થઇ પડયા. તેણે વિચાર્યું કે, પુત્ર મહેશ્વરદત્તનો સંબંધ જરૂર નર્મદાસુંદરી સાથે થયો હશે. મારી ભત્રીજી નર્મદાસુંદરી ખરેખરી શ્રાવિકા હોવાથી તેણીએ મહેશ્વરદત્તને આર્હત ધર્મી બનાવ્યો હશે. મહેશ્વરદત્તનું મિથ્યાત્વ ત્યાં આવેલી નર્મદા નદીમાં તણાઇ ગયું હશે. મારા પતિ રૂદ્રદત્તને અને મને મિથ્યાત્વી ધારી પિતાએ આ ખબર આપ્યા નહીં હોય. હવે મારા ભાગ્યયોગે પુત્ર મહેશ્વરદત્ત વધુ સાથે જરૂર અહિં આવવાનો તે વખતે પરમ સતી શ્રાવિકા નર્મદાસુંદરીના પ્રસંગથી અમારા કુટુંબનો ઉદ્ધાર થયા વિના રહેશે નહિં. આ શુભ સ્વપ્ને મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યની સારી આશા સફલ થવાની સૂચના કરી છે. હવે મારા મિથ્યાત્વનો જરૂર અંત આવવાનોજ. હું પાછી શ્રાવક ધર્મમાં પ્રવેશ કરીશ. ગુમ થઈ ગયેલ ધર્મ રત્ન મને પાછું પ્રાપ્ત થશે. મારા જીવનનો પાછલો ભાગ કૃતાર્થ થશે, હું હવે પાછી શુદ્ધ શ્રાવિકા થઇશ એટલે પિતૃગૃહ તરફથી પણ મારો પુનઃ સત્કાર થશે. ઘણા દિવસ થયા પિયરના વિયોગ દુઃખથી દુઃખી રહેલી હું પાછી સંપૂર્ણ રીતે સુખી થઇશ. મારા પિતા મારી તરફ પાછા પૂર્ણ પ્રેમ નજરથી જોશે, મારી માયાલુ માતા પણ મારી ઉપર પાછું દુહિતૃ-વાત્સલ્ય દર્શાવશે, પ્રિય ભાઈ સહદેવનો ભગિની સ્નેહ પાછો જાગ્રત થશે, અને તીર્થરૂપ ગણાતી નર્મદાપુરીના મને પુનઃ દર્શન થશે.

અપૂર્ણ.

# કચ્છ મહોદય.

અથવા

## મુનિ વિહારથી થતા લાભ.

સાંપ્રતકાલે પ્રત્યેક શહેર અને પ્રત્યેક પ્રખ્યાત સ્થલમાં જૈન-શાલા અને જૈન સભાની સ્થાપના થયેલી જોવામાં આવે છે. જૈન-શાલા એ જ્ઞાન મેળવવાના સાધનનું અને જૈનસભા એ જૈન કોમની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિની ચર્ચાનું મુખ્ય સાધન છે. એ મહાન્ સાધનોથી અનેક જાતના ધાર્મિક અને સાંસારીક કાર્યો થઈ શકે છે. આવા ઉત્તમ પ્રકારના સાધનો કચ્છ દેશની ભૂમિમાં ઘણાંજ થોડાં છે. મુનિમહારાજાઓના વિહારવિના એ ભૂમિના કેટલાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સ્થળ એ સાધનનો લાભ મેળવી શકયા નથી. કચ્છ દેશમાં આવેલું અંજાર શહેર આ બંને સાધનોથી રહિત હતું. અંજારની ભૂમિમાં વસનારા જૈનો એ મહાન્ લાભથી તદ્દન બેનશીબ હતા. પણ સારા ભાગ્યે ગયા ફાગણમાસમાં એ સ્થલની અંદર મહામુનિ હંસવિજયજી મહારાજનું આગમન થવાથી એ સાધનો અંજારની જૈન પ્રજાએ સંપાદન કર્યા છે. ગયા ફાલ્ગુનમાસની શુકલ સપ્તમીનો દિવસ અંજાર શહેરની પ્રજાને એક મોટા આનંદનો દિવસ હતો. મહારાજ શ્રીહંસવિજયજીના સદુપદેશથી તે દિવસે એક જૈન જ્ઞાનશાલા અને જૈન સભાની સ્થાપના કરવામાં આવી છે. આ મહત્ કાર્યના સમારંભમાં શા. અદેકરણ મૂલજીએ અગ્રેસર તરીકે ભાગ લીધો હતો. જ્ઞાન દ્રવ્યની વૃદ્ધિ કરવામાં શેઠ જાદવજી પીતાંબરે પોતાનો હાથ લંબાવ્યો હતો. આર્હત ધર્મના ઉદયના શુભચિન્હ રૂપ જ્ઞાનની પૂજા વિગેરે પવિત્ર ક્રિયા કરીને એ ધાર્મિક ગૃહસ્થે પોતાના જીવનને કૃતાર્થ કરવારૂપ મહાન્ લાભ સંપાદન કર્યો હતો. આ વખતે પ્રાતઃકાલનો સમય હતો. વાજીંત્રોના નાદથી કચ્છ અંજારની ભૂમિ ગાજી ઉઠી હતી. શ્રીવીરશાસનના વિજય વાણીના પ્રતિધ્વનિથી ગગનતળ પણ ગાજી રહ્યું હતું. તે પછી શેઠ કપુરચંદ માવજી દોશીના પૌત્ર ધનજીએ જૈન સભાના સ્થાપનની ક્રિયા કરી હતી. આ ક્રિયાનો સમારંભ ઘણા ઉત્તમ પ્રકારે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે સર્વ જૈન સમાજરૂપ માનસસરોવરના પ્રદેશમાં હંસ સમાન મુનિ હંસવિજયજીના ઉપદેશની વાણીનો નિર્મલ પ્રવાહ ચાલ્યો હતો. આ પવિત્ર વાણીરૂપ ગંગામાં ઝીલતી અંજારની જૈન પ્રજાએ પરમ ઉત્સાહથી તે વાણીરૂપ અમૃતનું પોતાના શ્રવણ પુટવડે એક મને પાન કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આબંને ઉપયોગી કાર્યની યોજનાથી અંજારની જૈની પ્રજાને સારો લાભ મળ્યો છે. ઘેર ઘેર આનંદ ઉત્સવ વર્ત્તી રહ્યો છે શ્રીમાન્ વિજયાનંદસૂરિના પ્રતાપી પરિવારના ધર્મપરાક્રમની પ્રશંસા બધી કચ્છ દેશની ભૂમિમાં પ્રવર્ત્તી રહી છે અને તે સાથે વીરશાસનનાં ગીત પણ ગવાઇ રહ્યાં છે.

બીજો એક પ્રભાવિક બનાવ તેને બીજેજ દિવસે બન્યો હતો. અંજાર શેહેરની પાસે મિંદિઆલા નામે એક નાનું ગામ આવેલું છે. તે ગામમાં રબારી લોકોની વસ્તીનો મોટો ભાગ છે. મહારાજશ્રીએ ઉપકાર થવાની ધારણાથી એ ગામમાં વિશ્રામ કરી અંજારથી સાથે આવેલા ત્રણે ગચ્છના શેઠીઆઓને સૂચના આપી, એથી કરીને તે ગામના ભરવાડોનો મોટો સમૂહ એકઠો થયો. પુરૂષ અને સ્રી વર્ગ ઉત્સાહથી મુનિરાજની આગલ ઉભા રહ્યા. ઉપકારી મુનિરાજે તે પ્રસંગને અનુસરતો ઉત્તમ બોધ આપ્યો. અગાઉ કાઠીઆવાડમાં રોહીશાળાગામમાં એકઠા થયેલ ભરવાડ સમાજનો વૃત્તાંત જણાવી જીવદયાને માટે અસરકારક શબ્દોમાં વિવેચન કરવામાં આવ્યુ આથી સર્વ ગોપાળવૃંદ ખુશી થઈ ગયું તેના અગ્રેસરોએ મુનિરાજની વાણી કૃતાર્થ કરવાને એકાદશીને દિવસે રાત્રિ ભોજન ત્યાગ કરવારૂપ અને ગોપીઓએ જું માંકડ ન મારવાનો ગુરૂની સમક્ષ નિયમ અંગીકાર કર્યો છે.

મુનિવિહારથી કેવા લાભ થાય છે તેના આવા અનેક દૃષ્ટાંતો અત્યારે કચ્છ ભૂમિમાં આપણને પ્રત્યક્ષ દેખાય છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## કેળવણીના કામમાં રૂ૦ વીશ હજારની મ્હોટી સખાવત.

લખવાને અત્યંત હર્ષ ઉત્પન્ન થાય છે કે કચ્છ નિવાસી શેઠ લખમીચંદ ધનજીએ પોતાના સ્વર્ગવાસી પત્નીના સ્મરણાર્થે પાલીતાણામાં ચાલતી જૈન બોર્ડીંગ સ્કુલને રૂ. દસ હજારની રકમ આપીને પોતાના આત્માને કૃતાર્થ કર્યો છે. આવી મ્હોટી રકમની ભેટ આપતા છતાં એ શેઠ શ્રી, એ અવસરે સાદા અને નમ્રતા ભર્યા શબ્દોમાં બોલ્યા હતા કે આ મેં જે કાંઈ આપ્યું છે તે મારી ફરજજ બજાવી છે; એમાં મેં વિશેષ કાંઇ કર્યું નથી. આવી કચ્છીભાઇઓના જેવી ફરજ બજાવતાં આપણા કાઠિઆવાડી ભાઇઓ ક્યારે શીખશે? પોતાને મળેલી દ્રવ્ય સંપત્તિનો લાભ પોતાના ધર્મ બંધુઓને ક્યારે આપશે?

બીજી સખાવત પણ પ્રખ્યાત શેઠ વસનજી ત્રીકમજી જે. પી. તરફથી રૂ. ૧૦,૦૦૦ ઉપરાંતની રકમની એજ બોર્ડીંગ સ્કુલના હસ્તકના જૂદાં જૂદાં ખાતાઓ, જેવાં કે, ગોરજીના શિષ્યોને ભણાવવા, આપણા ધર્મના પુસ્તકોને પ્રસિદ્ધિમાં લાવવા, કાયમ ચાલતું કેળવણીખાતાનું નિભાવ ફંડ—વિગેરેમાં કરવામાં આવી છે. આવા આવા ઉત્તમ કાર્યોમાંજ પોતાના દ્રવ્યની સફળતા માનનારા શેઠ વસનજીભાઈની આ કાંઈ પહેલવહેલી સખાવત નથી. થોડાજ વખત પહેલાં એમણે એજ બોર્ડીંગને રૂ૦ પચાસ હજારની ગંજાવર રકમની બક્ષીસ આપીને પોતાના નામને સદાને માટે અમર કર્યું છે. અમે ઈચ્છીએ છીએ કે આવા અનેક ઉદાર નરરત્નો બહાર આવે, અને પોતાના જ્ઞાતિ બન્ધુઓનો ઉદ્ધાર કરે.

For Private And Personal Use Only